<u>તાત્કાલિક</u> પત્ર ક્રમાંકઃ-એનજીસી/૧૦૨૦/ઉ.શિ/૨૩૧/ખ

શિક્ષણ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર.

તારીખ:૧૧.૦૬.૨૦૨૦

પ્રતિ,

નિયામકશ્રી,

ઉચ્ચ શિક્ષણ નિયામકશ્રીની કચેરી,

બ્લોક નં. ૧૨, ડૉ. જીવરાજ મહેતા ભવન,

ગાંધીનગર.

વિષય: બિનસરકારી અનુદાનિત કોલેજોમાં આચાર્ય, અધ્યાપક સહાયક, પીટીઆઇ, ગ્રંથપાલની ભરતીમાં સ્વનિર્ભર કોલેજોમાં ફરજ બજાવેલ હોય તેવા ઉમેદવારોની સ્વનિર્ભર કોલેજમાં બજાવેલ ફરજના સમયને અનુભવ તરીકે ધ્યાને લેવા બાબત

શ્રીમાન,

ઉપર્યુકત વિષય પરત્વે આપની કચેરીના તા.30.04.૨૦૨૦ના પત્રકમાંક કવટ/ISC-૮/ભરતી/૨૦૨૦/૧૧૦૦૭ થી બિનસરકારી અનુદાનિત કોલેજોમાં આચાર્ય, અધ્યાપક સહાયક, પીટીઆઇ, ગ્રંથપાલની ભરતીમાં સ્વનિર્ભર કોલેજોમાં ફરજ બજાવેલ હોય તેવા ઉમેદવારોની સ્વનિર્ભર કોલેજમાં બજાવેલ ફરજના સમયને અનુભવ તરીકે ધ્યાને લેવો કે કેમ ? તે બાબતે દરખાસ્ત કરેલ છે. આ દરખાસ્તના અનુસંધાનમાં જણાવવાનું કે સરકારી કોલેજોમાં આચાર્ય, મદદનીશ પ્રાધ્યાપક, પીટીઆઇ, ગ્રંથપાલની ભરતી નિયમો છે અને તેમાં અનુભવ બાબતે ખાનગી કોલેજોમાં મેળવેલ અનુભવને પણ ધ્યાને લેવાય છે જ્યારે બિનસરકારી અનુદાનિત કોલેજોમાં અધ્યાપક સહાયક, પીટીઆઇ, ગ્રંથપાલની ભરતી માટે અલગથી ભરતી નિયમો/અનુભવ અંગે જોગવાઇ કરવામાં આવી નથી પરંતુ યુ.જી.સી. દ્વારા વખતો વખત નિયત કરવામાં આવતા અનુભવના ધોરણો લાગુ પાડવામાં આવે છે.

૨. રાજ્યની બિનસરકારી અનુદાનિત કોલેજોમાં અધ્યાપક સહાયકની ખાલી પડેલી જગ્યાઓ ભરવા બાબતે વિભાગના તા.૨૩.૧૨.૨૦૧૯ના ઠરાવ ક્રમાંક એનજીસી/૧૦૧૯/CHE-૭૧૮/ખથી અધ્યાપક સહાયકની ભરતી અંગે માર્ગદર્શક સુચનાઓ બહાર પાડવામાં આવેલ છે. રાજ્યની બિનસરકારી અનુદાનિત વિનયન, વાણિજ્ય, વિજ્ઞાન ,શિક્ષણ અને કાયદા

વિધાશાખાની કોલેજોમાં આચાર્યની ભરતીમાં અનુભવ આવશ્યક છે અને યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશનના રેગ્યુલેશન-૨૦૧૮ તા.૧૮-૦૭-૨૦૧૮માં આચાર્યના અનુભવની જોગવાઇ 4.1 (V) (A) (II) માં કરવામાં આવેલ છે તેમજ અધ્યાપક, પી.ટી.આઇ. અને ગ્રંથપાલની ભરતીમાં મેરીટ ગણતરીમાં અનુભવની ધ્યાને લેવામાં આવે છે અને અધ્યાપક, પીટીઆઇ અને ગ્રંથપાલની ભરતી પ્રકિયામાં મેરિટ ગણતરી માટે યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશનના રેગ્યુલેશન-૨૦૧૮ તા.૧૮-૦૭-૨૦૧૮ના Appendix-II  ના Table-3B મુજબ અનુભવનુ ગુણાંકન કરવાનું થાય છે. વધુમાં યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશનના તા.૧૮-૦૭-૨૦૧૮ના રેગ્યુલેશનના Counting of Past Services for Direct Recruitment and Promotion under CAS માટે નીચે મુજબ જોગવાઇ થયેલ છે.

**10.0 Counting of Past Services for Direct Recruitment and Promotion under CAS**

Previous regular service, whether national or international, as Assistant Professor, Associate Professor or Professor or equivalent in a University, College, National Laboratories or other scientific/professional organisations such as the CSIR, ICAR, DRDO, UGC, ICSSR, ICHR, ICMR and DBT, should count for the direct recruitment and promotion under the CAS of a teacher as Assistant Professor, Associate Professor, Professor or any other nomenclature, provided that:

(a) The essential qualifications of the post held were not lower than the qualifications prescribed by the UGC for Assistant Professor, Associate Professor and Professor, as the case may be.

(b) The post is/was in an equivalent grade or of the pre-revised scale of pay as the post of Assistant
Professor (Lecturer) Associate Professor (Reader) and Professor.

(c) The concerned Assistant Professor, Associate Professor and Professor should possess the same minimum qualifications as prescribed by the UGC for appointment to the post of Assistant Professor, Associate Professor and Professor, as the case may be.

(d) The post was filled in accordance with the prescribed selection procedure as laid down in the Regulations of the University/State Government/Central Government/ Institutions concerned, for such appointments.

(e) The previous appointment was not as guest lecturer for any duration.

(f) <u>**The previous Ad-hoc or Temporary or contractual service (by whatever nomenclature it may be called) shall be counted for direct recruitment and for promotion**</u>, provided that:

(i) the essential qualifications of the post held were not lower than the qualifications prescribed by the UGC for Assistant Professor, Associate Professor and Professor, as the case may be

(ii) the incumbent was appointed on the recommendation of a duly constituted Selection Committee/Selection Committee constituted as per the rules of the respective university;

(iii) the incumbent was drawing total gross emoluments not less than the monthly gross salary of a regularly appointed Assistant Professor, Associate Professor and Professor, as the case may be; and

(g) **No distinctions shall be made with reference to the nature of management of the institution where previous service was rendered (private/local body/Government), while counting the past service under this clause.**

૩. આમ ઉપરની સઘળી વિગતો અને યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશનના રેગ્યુલેશન-૨૦૧૮, તા.૧૮-૦૭-૨૦૧૮ અને યુ.જી.સી. દ્વારા વખતો વખત નિયત કરવામાં આવતા અનુભવના ધોરણો લાગુ પાડવામાં આવે તે ધ્યાને લઇ બિનસરકારી અનુદાનિત કોલેજોમાં આચાર્ય, અધ્યાપક સહાયક, પીટીઆઇ, ગ્રંથપાલની ભરતીમાં સ્વનિર્ભર કોલેજોમાં ફરજ બજાવેલ હોય તેવા ઉમેદવારોની સ્વનિર્ભર કોલેજમાં બજાવેલ ફરજના સમયને અનુભવ તરીકે ગણીને આગામી ભરતી પ્રક્રિયામાં હાથ ધરવાની રહેશે તે ધ્યાને લઇ નિયમાનુસારની કાર્યવાહી હાથ ધરવા વિનંતી છે.

આપનો વિશ્વાસુ,

Palesh

(પકેશ ઠાકોર)
ઉપ સચિવ
શિક્ષણ વિભાગ